# જિલ્લાની શાળાઓમાં ફાયર સેફટી ચકાસણીનો આરંભ

## દહેગામ અને કલોલ તાલુકાની ૫૬ શાળાઓમાં રજાના દિવસે પણ તપાસ કરાઈ : ૫૨ શાળાઓ પાસે નિયત ફોર્મેટ મુજબનું ફાયર સેફટી પ્રમાણપત્ર ન હોવાથી નોટીસ

ગાંધીનગર, તા. ૨૬

સુરતની ઘટના બાદ ગાંધીનગર જિલ્લામાં ધમધમતા ટયુશનના વર્ગોમાં ફાયર સેફટીના મામલે તપાસ હાથ ધરવા માટે ટીમ કામે લાગી છે.જયારે જિલ્લાની પ્રાથમિક અને માધ્યમિક ખાનગી અને સરકારી શાળાઓમાં પણ ફાયર સેફટીના મામલે સલામતીના પરિબળો ચકાસવા માટે અભિયાન હાથ ધરાયુ છે. પ્રાથમિક શિક્ષણાધિકારી તેમજ ડીઈઓની ટીમ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. આજે રજાના દિવસે પણ દહેગામ તેમજ કલોલ તાલુકાની શાળાઓમાં તપાસ હાથ ધરાઈ હતી. જયારે આ દરમિયાન આજે ૫૨ શાળાઓને ફાયર સેફટીનુ પ્રમાણપત્ર નહીં હોવાના લીધે નોટીસ આપવામાં આવી હતી. સોમવારથી ચારેય તાલુકાની શાળાઓમાં તપાસ કરવામાં આવશે.

સુરતમાં બર્નિંગ બિલ્ડીંગમાંથી વિદ્યાર્થીઓએ મોતની છલાંગ લગાવાની દુખદ ઘટના બાદ માસુમ બાળકોના મોતથી સમગ્ર દેશમાં પ્રબળ આક્રોશ પ્રવર્તયો છે. જયારે આ માટે જવાબદાર તંત્ર સામે પગલા લેવા માટે સરકારે તપાસના આદેશ કર્યા છે. જયારે રાજયમાં અન્ય ઠેકાણે પણ આ પ્રકારની ઘટના ન બને તે માટે સરકારે તમામ શાળા કોલેજો ટયુશન કલાસીસો, હોસ્પિટલો , હોસ્ટેલ મોલ, રેસ્ટોરન્ટ, હોટલ તેમજ સરકારી તેમજ ખાનગી બિલ્ડીંગોની તપાસ માટે આદેશ જારી કર્યો છે. જયારે ગાંધીનગરમાં પણ આ મામલે દિવા તળે અંધારુ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. જો કે આ માટે જિલ્લા કલેકટરે તપાસ માટે જરૂરી ટીમ બનાવી તમામ સ્થળો પર ચેકીંગ કરવા માટે સુચના આપી દીધી છે. જેને અનુલક્ષી વિવિધ ઠેકાણે ફાયર સેફટી સહીત સલામતીના પરિબળો તપાસવા માટે અધિકારીઓ દોડતા થઈ ગયા છે. જેમાં ટયુશનના વર્ગો સહીત, મોલ , ભોંયરા ટેરેસ, રેસ્ટોરન્ટ સિનેમા, હોસ્પિટલ સહીતના ઠેકાણે ફાયર સેફટીના નિયમ મુજબ યોગ્ય સુવિધા છે કે નહીં તે અંગે ટીમો કામે લાગી છે. જયારે આ અન્વયે ગાંધીનગર જિલ્લાની તમામ ખાનગી અને સરકારી પ્રાથમિક તેમજ માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પણ પ્રાથમિક શિક્ષણાધિકારી અને ડીઈઓની ટીમ દ્વારા ચકાસણી હાથ ધરવામાં આવશે. આ દરમિયાન અગ્નિશામક સાધનો પુરતા છે કે કેમ તે અંગે પણ તપાસ હાથ ધરાશે. જયારે સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં પણ આ મુજબ તપાસ હાથ ધરાશે. જયારે તપાસનો અહેવાલ માત્ર ૩ જ દિવસમાં જિલ્લા કલેકટરને પહોંચતો કરવામાં આવશે. જિલ્લાના કલોક અને દહેગામ તાલુકાની ૫૨ શાળાઓ પાસે ફાયર સેફટીનુ પ્રમાણપત્ર નહીં હોવાથી નોટીસ આપવાં આવી છે. જયારે આજે રજાના દિવસે પણ આ બન્ને તાલુકામાં ૫૬ જેટલી શાળાઓમાં ફાયર સેફટી અંગે ચકાસણી હાથ ધરવામાં આવી હતી. જયારે સોમવારથી ચારેય તાલુકાની શાળાઓમાં ફાયર સેફટી અંગે ચકાસણી કરવા માટે પણ ટીમ કામે લાગશે.

# સ્વચ્છતા મિશન અંતર્ગત આજે શહેરી વિસ્તારોની સર્વગ્રાહી સમીક્ષા

ગાંધીનગર, તા. ૨૬

સ્વચ્છ ભારત મિશન અર્બન-ગુજરાત દ્વારા મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે એક મહત્વની વિડીયો કોન્ફરન્સ સોમવારે યોજવામાં આવી છે.

આ વિડીયો કોન્ફરન્સ થકી શહેરી વિસ્તારમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ નિયમ-૧૨ તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના તાજેતરમાં આવેલ ચુકાદા મુજબ સમીક્ષા કરવામાં આવશે.

મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારોમાં પ્લાસ્ટીક બાયલોઝ તથા હેલ્થ બાયલોઝના કાર્યક્રમો અને કામગીરી અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવા ઉપરાંત ઘન કચરા વ્યવસ્થાપનના મુદ્દે પણ સમીક્ષા કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ ઉપરાંત સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અંતર્ગત થયેલ કામગીરીને લઈ પણ આ બેઠકમાં સમીક્ષા અને ચર્ચા કરવામાં આવશે તેવા સંકેતો મળી રહ્યા છે. સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની કામગીરી કેટલાક વિસ્તારોમાં ધીમી ચાલી રહી હોવાની ફરિયાદો પણ ઉઠી છે અને પાણીનો વેડફાટ અછતની સ્થિતિમાં અસહ્ય સમસ્યા બની ઉભરી રહ્યો હોવાથી આ ચર્ચા પર ખુબજ ભાર મુકવામાં આવ્યો છે.

હાલ રાજ્યમાં ચાલી રહેલ સુજલામ-સુફલામ ભાગ-૨ અંતર્ગત નદીઓને પુનઃ જીવીત કરવા, નદીઓના માર્ગના શુદ્ધિકરણની કામગીરી કેટલી થઈ, વેસ્ટ ટુ એનર્જી પ્રોજેક્ટ અંગે શું શું પ્રગતિ થઈ તે સહિતના મુદ્દાઓને આવરી લઈ સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

આગામી મહિને સ્વચ્છતા સર્વેક્ષણ પણ આવી રહેલ છે તેથી સ્વચ્છતા અભિયાન પર વિશેષ ભાર મુકવામાં આવશે. ડોર ટુ ડોર કલેકશન સિસ્ટમને વધુ સઘન બનાવવા માટે પણ વિશેષ માર્ગદર્શન આપવામાં આવે તેવી શક્યતાઓ રહેલી છે.

# મનપા સ્થાયી સમિતિની મંગળવારે બેઠક મળશે

ગાંધીનગર, તા. ૨૬

મંગળવારના રોજ મનપાની નવી રચાયેલી સ્થાયી સમિતિની બેઠક મળશે. દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે સ્થાયી સમિતિના ખંડમાં મળનાર આ બેઠકમાં શહેરના વિવિધ માર્ગો પર સાઈન બોર્ડ મુકવા, સેકટરોના આંતરિક માર્ગો દર્શાવતા સાઈન બોર્ડ મુકવા, મુક્તિધામના રિનોવેશન સહિતની કેટલીક મહત્વની બાબતોના ટેન્ડરો જે ઘણા સમયથી આવી ગયા છે તે અંગેના નિર્ણયો લેવામાં આવશે.

ચૂંટણી પંચની આચારસંહિતા અને લાંબા કાનૂની જંગ પછી આ બેઠક મળી રહી છે. ચૂંટણીની આચારસંહિતા અમલી હતી ત્યારે માત્ર ચેરમેનની નિયુક્તીને લઈ બેઠક મળી હતી.

મળતા નિર્દેશો પ્રમાણે હવે આચારસંહિતા ઉઠતાં જ ઠપ્પ થયેલા વિકાસકાર્યોને વેગ આપવા માટે આ બેઠકમાં ચર્ચા વિચારણા કરવામાં આવશે.

# ગરમીનું પ્રમાણ વધ્યું : ન્યૂનતમ આંક પણ ૨૯.૫ !

ગાંધીનગર, તા. ૨૬

શહેરમાં ગરમીનો મિજાજ સતત બદલાતો રહે છે. આજે ગરમીનો પારો ૦.૫ ડીગ્રી વધતા મહત્તમ તાપમાન ૪૨.૫ ડીગ્રી નોંધાયુ હતુ. જયારે લઘુત્તમ તાપમાનમાં પણ નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો હતો. લઘુત્તમ તાપમાન પણ ૯.૫ ડીગ્રી વધીને ૨૯ સુધી પહોંચી ગયુ હતુ. સવારથી જ વાતાવરણમાં ગરમીની અસર વર્તાતી હતી. દિવસ દરમિયાન નગરજનોએ અસહ્ય બફારો અનુભવ્યો હતો. જેના લીધે વાતાવરણમાં ગરમીનુ જોર વધ્યુ હોવાનો અહેસાસ બેવડાયો હતો. શહેરમાં વળતા ઉનાળે ગરમીનો પારો ચઢઉતર થયા કરે છે. આમછતા મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રી થી ઉપર જ રહેતા નગરજનો અંગ દઝાડતી ગરમી વેઠી રહ્યા છે. ગરમીનો મિજાજ રોજબરોજ બદલાતા હજુ પણ વાતાવરણમાં આકરા ઉનાળાની અસર વર્તાઈ રહી છે. ગઈકાલે મહત્તમ તાપમાન ૪૨ ડીગ્રી રહ્યુ હતુ. જયારે આજે ગરમીનો પારો ૪૨.૫ ડીગ્રી રહેતા દિવસ દરમિયાન નગરજનોએ આકરી ગરમીનો એહસાસ કર્યો હતો. રવિવારની રજા હોવાની સાથે અસહ્ય ગરમીના લીધે નગરના માર્ગો પર દિનભર સન્નાટો છવાયેલો રહ્યો હતો. અસહ્ય ગરમીથી બચવા માટે શહેરીજનો ઘરમાં પુરાયેલા રહ્યા હતા. દિવસે અંગ દઝાડતી ગરમીના લીધે માર્ગ પર જતા વાહનચાલકો પણ બુકાની બાંધીને જતા નજરે પડયા હતા. શહેરના શોપિંગ બજારોમાં પણ ગરમીની અસર વચ્ચે સન્નાટો છવાયેલો રહ્યો હતો. ગરમીનો મિજાજ ઉગ્ર બનતા ગઈકાલની સાપેક્ષમાં આજે નગરજનોએ આકરો તાપ સહન કર્યો હતો. જયારે વાતાવરણમાં બફારાનુ પ્રમાણ પણ વધારે હોવાથી શહેરીજનો પરસેવે ભીંજાયા હતા. સાંજ ઢળતાની સાથે ગરમીનુ જોર ઘટતા નગરજનોએ રાહત અનુભવી હતી. જયારે ગરમીના પારો ઉપર ચઢવાની સાથે લઘુત્તમ તાપમાન પણ આશ્ચર્યજનક રીતે વધ્યુ હતુ. લઘુત્તમ તાપમાન ૯.૫ વધ્યુ હતુ જેના લીધે સવારથી જ વાતાવરણાં ગરમીનુ જોર રહ્યુ હતુ. જયારે સવારના સમયે ભેજનુ પ્રમાણ પણ ૭૨ ટકા રહેતા શહેરીજનોએ દિવસ દરમિયાન આકરો બફારો અનુભવ્યો હતો. વળતા ઉનાળે ગરમીનો પારો સતત ઉપર નીચે થતા હજુ પણ આકરા હીટવેવથી જનજીવન પ્રભાવિત છે.



**મહત્તમ તાપમાન ૪૨.૫ ડીગ્રી સાથે ભેજનું પ્રમાણ વધતાં નગરજનોએ આકરો બફારો અનુભવ્યો**

# નારદીપુરની ભગિની કન્યા વિદ્યાલયના બોર્ડની પરીક્ષાનાં ઉત્કૃષ્ઠ પરિણામ

ગાંધીનગર, તા. ૨૬

તાજેતરમાં રાજયભરમાં ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાના પરિણામ જાહેર થયા છે. ગાંધીનગર જિલ્લાના નારદીપુર ખાતેના ગ્રામ સેવા મંદિર સંચાલિત ભગિની કન્યા વિદ્યાલયનું ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની બોર્ડની પરીક્ષાનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે.

એટલે કે ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં બોર્ડની પરીક્ષામાં સામેલ થયેલ તમામ વિદ્યાર્થીનીઓ ઉત્તીર્ણ થવા પામી છે. આ સાથે ધોરણ :૧૦ની બોર્ડની પરીક્ષાના જાહેર થયેલા પરિણામમાં ભગિની કન્યા વિદ્યાલયનું પરિણામ ૮૨ ટકા આવ્યુ છે. બોર્ડની બંને પરીક્ષાઓના પરિણામ ઉત્કૃષ્ઠ આવવાને પગલે સમગ્ર નારદીપુર ગામમાં આનંદનું મોજુ પ્રસરી જવા પામ્યું છે.

સંસ્થાના પ્રમુખ સહિતના પદાધિકારીઓએ શાળાના સ્ટાફ પરિવાર તથા વિદ્યાર્થિનીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# રાજયભરમાં ૫૪૦૦થી વધુ મિલ્કતોને નોટિસો ફટકારાઈ

અમદાવાદ,તા. ૨૬

સુરતના ભયાવહ અગ્નિકાંડ અને તેમાં ૨૩ વિદ્યાર્થીઓના અકાળે મોતની ચકચારી અને હૃદયદ્રાવક દુર્ઘટના બાદ હવે રાજય સરકાર સફાળી જાગી છે અને તંત્ર દોડતુ થયુ છે. રાજય સરકારે રાજયના વિવિધ મ્યુનિસિપલ કોર્પોરેશનો અને નગરપાલિકા કક્ષાએ ૨૦૫૫થી વધુ અધિકારીઓની જુદી જુદી કુલ ૭૧૩થી વધુ ટીમો બનાવી તેના મારફતે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, જામનગર સહિતના શહેરોમાં ફાયરસેફટીની સુવિધા અને જોખમી પાસાઓની ચકાસણી માટેનું રાજયવ્યાપી અભિયાન શરૂ કર્યુ છે. જે અંતર્ગત અત્યારસુધીમાં આ ટીમો દ્વારા અમદાવાદ, સુરત, રાજકોટ સહિતના શહેરોમાં મળી કુલ ૯૯૬૫ મિલ્કતોની તપાસ કરવામાં આવી છે, જેમાંથી ફાયરસેફટી ના હોય કે અન્ય કોઈ ગંભીર જોખમી ખામી હોય તેવી ૫૪૦૦થી વધુ મિલકતોને નોટિસ અપાઈ છે તો, ફાયરસેફટીની સુવિધા ના હોય તેવી મિલ્કતોને સીલ મારવાની કાર્યવાહી હાથ ધરાઈ રહી છે. ખાસ કરીને બેઝમેન્ટ કે ટેરેસમાં ચાલતાં કલાસીસ અને જોખમી એકમોને સીલ પણ કરવામાં આવ્યા છે. આ અંગે રાજયના મુખ્ય સચિવ જે. એન. સિંહે જણાવ્યું હતું કે, સુરત આગકાંડ પ્રકરણમાં સુરત ફાયરબ્રિગેડ વિભાગના બે અધિકારીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને સમગ્ર પ્રકરણમાં જે કોઈ કસૂરવારો હશે તેઓની સામે પણ પગલા લેવાશે.

# રાજ્ય કેબિનેટના વિસ્તરણના સંકેત

અમદાવાદ, તા. ૨૬

ગુજરાતમાં લોકસભાની તમામ ૨૬ સીટ ઉપર ભારતીય જનતા પાર્ટીએ જીત મેળવીને જોરદાર સપાટો બોલાવી દીધો છે. પ્રાપ્ત માહિતી મુજબ મોદી મંત્રીમંડળના શપથ ગ્રહણ બાદ ગુજરાતમાં પણ મંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવે તેવો તખ્તો ગોઠવાઈ રહ્યો છે. રાજય વિધાનસભાની ચારે ચાર સીટો પણ ભાજપે લોકસભાની તમામ ૨૬ સાથે જીતી લીધી છે. હવે વિજય રૂપાણી મંત્રીમંડળનું પણ વિસ્તરણ કરવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. રાજ્યમાં ફરી એકવાર વિસ્તરણને લઈને અટકળોનો દોર શરૂ થઈ ગયો છે. આગામી મહિનામાં કેબિનેટનું વિસ્તરણ થઈ શકે છે. બનાસકાંઠા લોકસભા સીટ ઉપરથી ચૂંટણી જીતી ચુકેલા રાજયના પાણી પુરવઠા અને જળસંશાધન મંત્રી (સ્વતંત્ર હવાલો) પરબત પટેલ સાંસદ બની ગયા બાદ હવે તેમને મંત્રીપદેથી રાજીનામુ આપવું પડશે. આવી સ્થિતિમાં તેમની જગ્યાએ ૨૦૧૭માં વિધાનસભાની ચૂંટણીમાં પરાજિત થઈ ચુકેલા પૂર્વ ધારાસભ્ય અને મંત્રી શંકર ચૌધરીના મંત્રીમંડળમાં સામેલ થવાના સંકેત દેખાઈ રહ્યા છે. આવી જ રીતે મહેસાણા જિલ્લાના ઉંઝા વિધાનસભાની પેટાચૂંટણીમાં જીત મેળવી ચુકેલા આશા પટેલને પણ મંત્રી બનાવવામાં આવી શકે છે. આશા પટેલે ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસની ટીકીટ પર ભાજપના દિગ્ગજ નેતા અને પાંચ વખતના ધારાસભ્ય રહી ચુકેલા નારાયણ દલ્લુને હાર આપી હતી પરંતુ થોડાક મહિના પહેલા જ તેઓ કોંગ્રેસમાંથી રાજીનામુ આપીને ભાજપમાં સામેલ થયા હતા. આવી જ રીતે જામનગર ગ્રામ્ય સીટથી વિધાનસભા પેટાચૂંટણી જીતી ચુકેલા રાઘવજી પટેલની પણ મંત્રીમંડળમાં એન્ટ્રી થવાની શકયતા છે પરંતુ જામનગરથી પહેલાથી જ બે મંત્રી કેબિનેટમાં છે જેથી કેટલાક અન્ય ફેરફાર પણ થઈ શકે છે.

# રાજયમાં હવે શેડ પ્રકારના બાંધકામ પર અંતે પ્રતિબંધ

અમદાવાદ, તા.૨૬

સુરત આગકાંડની કરૂણાંતિકા બાદ હવે સમગ્ર રાજયમાં શેડ પ્રકારના બાંધકામો પર પ્રતિબંધ લગાવતો બહુ મહત્વનો નિર્ણય રાજય સરકાર દ્વારા લેવામાં આવ્યો છે. રાજયમાં હવે શેડ પ્રકારના બાંધકામો દૂર કરવા અને તોડી નાંખવાની કામગીરી પણ આગામી દિવસોમાં હાથ ધરવામાં આવશે. કોમર્શીયલ કોમ્પલેક્ષ કે ઈમારતોમાં શેડ પ્રકારના બાંધકામોમાં જવલનશીલ મટીરીયલ અને પદાર્થ વપરાતાં હોઈ તેનાથી આગ વધુ પ્રસરતી હોઈ સુરક્ષાના કારણોસર હવે રાજય સરકારે આ બહુ મોટો નિર્ણય લીધો છે. આગામી દિવસોમાં રાજય સરકારના નિર્દેશાનુસાર, વિવિધ મ્યુનિસિપલ કોર્પોરેશન અને નગરપાલિકા સત્તાવાળાઓના અધિકારીઓ તેમના ઝોન અથવા તો વિસ્તારમાં કોમર્શીયલ કોમ્પલેક્ષ અને ઈમારતોમાં સર્વે હાથ ધરશે અને શેડ પ્રકારના જે કોઈ બાંધકામ કે માળખા હશે તેને દૂર કરવાની કામગીરી હાથ ધરશે. રાજય સરકારે શેડ પ્રકારના બાંધકામ અને વ્યવસ્થા પર પ્રતિબંધ ફરમાવતાં હવે કોઈપણ કોમર્શીયલ કોમ્પલેક્ષ, ઈમારત કે બિલ્ડીંગમાં ટેરેસ પર કે કોઈપણ પ્રકારના શેડ જેવા બાંધકામ કે માળખા ઉભા કરી શકાશે નહી. સરકારના નિર્ણયના પગલે આગામી દિવસોમાં અમદાવાદ શહેર સહિત રાજયભરમાં શેડ પ્રકારના બાંધકામો પર તવાઈ આવશે. દરમ્યાન સુરત આગકાંડ મામલે શહેરી વિકાસ અગ્ર સચિવ તેમનો તપાસ અહેવાલ રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને સુપ્રત કરશે. ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સુરત આગકાંડ મામલે શહેરી વિકાસ અગ્ર સચિવને તપાસ સોંપી હતી અને ત્રણ દિવસમાં જ વિગતવાર તપાસ અહેવાલ માંગ્યો હતો. જેથી હવે શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવેઆ પ્રકરણમાં તેમની તપાસ પૂર્ણ કરી દીધી છે અને હવે આવતીકાલે તેઓ મુખ્યમંત્રી રૂપાણીને પોતાનો અહેવાલ સુપ્રત કરશે. જેના આધારે રાજય સરકાર આગળની કાર્યવાહી હાથ ધરશે.

# ગાંધીનગર-અમદાવાદ વચ્ચે માળી સમાજનું ભવ્ય શૈક્ષણિક સંકુલ બનશે



**ગાંધીનગરના ટાઉનહોલ ખાતે યોજાયેલા અખિલ ગુજરાત માળી સમાજ કર્મચારી મહાસંમેલનમાં માળી સમાજમાં શિક્ષણનો વ્યાપ વધારવા પર ભાર મુકાયો : માળી સમાજના સરકારી કર્મચારીઓનો સંપર્ક ડેટા ધરાવતી મોબાઈલ એપ લોન્ચ કરાઈ**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર માળી કર્મચારી મંડળ દ્વારા શનિવારે સેક્ટર-૧૭માં ટાઉનહોલ ખાતે અખિલ ગુજરાત માળી સમાજ કર્મચારી મહાસંમેલનનુ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં માળી સમાજમાં શિક્ષણનો વ્યાપ વધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. મહાસંમેલનમા આગામી સમયમાં ગાંધીનગર-અમદાવાદની વચ્ચે માળી સમાજના સંતાનો માટે ભવ્ય શિક્ષણ સંકૂલ ઊભું કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ સાથે માળી સમાજના સરકારી કે અર્ધ સરકારી એકમોમાં કાર્યરત કર્મચારીઓનો સંપર્ક ડેટા ધરાવતી મોબાઈલ એપનું લોંચિંગ પણ કરવામાં આવ્યું હતું. આ સંમેલનમા ગૌભક્ત કથાકાર હરિહરદાસજી ઉર્ફે છોગારામજી મહારાજ, ગુજરાત રાજ્ય વેર હાઉસિંગ કોર્પોરેશનના ચેરમેન મગનભાઈ માળી, પાટણના ડેપ્યુટી કલેક્ટર દલપતભાઈ ટાંક, બોટાદ નગરપાલિકાના ચીફ ઓફિસર પાંચાભાઈ માળી, ડીસા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ પ્રવીણભાઈ માળી, ડીવાયએસપી ભરતકુમાર માળી, ગોધરા સાયન્સ કોલેજના પ્રોફેસર ડો. મુકેશભાઈ ચૌહાણ, અંકલેશ્વરના જાણીતા ઉધ્યોગપતિ ઈશ્વરભાઈ માળી, પાલનપુરના મહિલા અગ્રણી મંજુલાબેન પઢિયાર, ગાંધીનગર રામી માળી સમાજના અગ્રણીઓ પ્રવીણભાઈ રામી, તુલસીભાઈ માળી, બાબુભાઈ રામી, કૌશિકભાઈ રામી, વિનોદભાઈ રામી, દેશકાંઠા રામી માળી સમાજના અગ્રણીઓ છનાભાઈ રામી, લલિતભાઈ રામી, હરેશભાઈ રામી સહિત વિવિધ માળી રામી સમાજની સંથાઓના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અખિલ ગુજરાત માળી સમાજ કર્મચારી સંમેલનમા સંબોધન કરતાં ગુજરાત મગનભાઈ માળીએ કહ્યું હતું કે "સમાજમાં દરેકે એકબીજા પર ભરોસો રાખવો પડશે અને આપણાં સંતાનોને યોગ્ય શિક્ષણ આપવું પડશે જે માટે ગાંધીનગર-અમદાવાદ વચ્ચે માળી સમાજના વિશાળ શૈક્ષણિક સંકુલની તાતી જરૂરિયાત છે, હવે તેમાં વિલંબ કરવો પાલવે તેમ નથી''. આ પ્રસંગે પાંચાભાઈ માળીએ જણાવ્યુ હતું કે " આપણાં સંતાનોમાં ખૂબ ક્ષમતા છે પરંતુ અન્ય સમાજની જેમ સુવિધાનો અભાવ છે. હવે સ્પર્ધાત્મક યુગ છે ત્યારે માત્ર ગ્રેજયુએશન નહીં પરંતુ ગુણવત્તાવાળું શિક્ષણ સંતાનોને આપવું પડશે તે માટે જે પણ સંકૂલ બને તે તમામ પ્રકારની સુવિધાયુક્ત બનાવવામાં આવે તે ખૂબ જરૂરી છે''. તેમણે સ્કીલ્ડ લેબરનો હવે જમાનો હોવા પર ભાર મુક્તા સરકારી યોજનાઓ અંગે પણ માહિતી આપી હતી. આ સાથે દલપતભાઈ ટાંકે કહ્યું હતું કે'' સમાજના ટકાઉ વિકાસ માટે સિક્ષણ પાયાની જરૂરિયાત છે, આપણે વિચારો બદલવાની જરૂર છે અને જયાં પણ વિચારો બદલાય છે ત્યાં જ ક્રાંતિ આવે છે. છોગારામજી મહારાજે પણ સમાજમાં એકતા પર ભાર મુક્તા સમાજના બંધુઓને રાગ-દ્વેષ દૂર ભૂલી સમાજના ભાવિ એવા બાળકોના સારા શિક્ષણ માટે કાર્યરત થવા હાકલ કરી હતી. તેમણે સમાજનો મહાભારત જેવા પૌરાણિક ગ્રંથોમાં ઉલ્લેખ હોવાના ઉદાહરણો આપી સમાજ પર પ્રભુની કૃપા હોવાનું કહ્યું હતું. આજના સંમેલનમા રાજયભરમાથી મોટી સંખ્યામાં વિવિધ માળી સમાજના સભ્યો ઉમટી પડ્યા હતા. આ સંમેલનને સફળ બનાવવા માટે ગાંધીનગર માળી સમાજ કર્મચારી મંડળના મુખ્ય સંયોજક અરવિંદભાઈ માળી ઉપરાંત સભ્યો પાંચાભાઈ માળી, એન.ડી.માળી, ડી. એચ. માળી, કમલેશકુમાર ગેહલોત, એન.એન.માળી, હરેશભાઈ માળી, હિતેશભાઈ માળી, ગિરીશભાઈ માળી, પાટણના પ્રેસ ફોટોગ્રાફર વિરેન્દ્ર રામી સહિત અન્ય કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમના પ્રારંભે સુરતમાં લાગેલી આગમાં હોમાયેલા બાળકોને મૌન પાળી શ્રધ્ધાંજલિ અપાઈ હતી.

### સુરતમાં અગ્નિકાંડ બાદ જર્મનીથી લેડર મંગાવાઈ

# ૧૭ માળ સુધી રેસ્કયુ કરી શકે તેવી ટર્ન ટેબલ લેડર મંગાવાઈ

અમદાવાદ,તા. ૨૬

તક્ષશિલા આર્કેડની આગમાં ૨૩ વિદ્યાર્થીઓ ભડથું થઈ ગયા બાદ હવે સુરત ફાયરવિભાગમાં અદ્યતન ટર્ન ટેબલ લેડર સાધન વસાવવામાં આવ્યું છે. ઘોડા નાસી છૂટયા પછી તબેલાને તાળા મારવા જેવો ઘાટ સુરત ફાયર વિભાગ અને સુરત મનપા માટે હાલ તો સર્જાયો છે. જો કે, હવે પછી આગ કે અકસ્માતની ઘટનામાં આ અદ્યતન ટીટીએલ સાધન ઉપયોગી અને આશીર્વાદસમાન પુરવાર થશે તેવી કંઈક આશા જન્મી છે. છેક ૧૭ માળ સુધી આગ બુઝાવવવાની અને રેસ્કયુ કરવાની ક્ષમતા ધરાવતી આ ટર્ન ટેબલ લેડર રૂ.૯ કરોડની કિંમતનું છે અને તે જર્મનીથી મંગાવવામાં આવ્યું છે. જો કે, આશ્ચર્યની વાત એ છે કે, આ ટર્ન ટેબલ લેડરનો ઓર્ડર છ મહિનાથી વધુ સમયથી આપવામાં આવ્યો હતો પરંતુ તે સુરતની ગોઝારી દુર્ઘટના સર્જાઈ ગયા બાદ અહીં આવ્યું. જો ત્રણ દિવસ પહેલા આવી ગયુ હોત તો, કદાચ ૨૩ વિદ્યાર્થીઓના જીવ બચાવી શકાયા હો. આ અદ્યતન ટર્ન ટેબલ લેડર મશીનની ક્ષમતા એવી છે કે આગ કે ફસાઈ જવાની ઘટનામાં એક સાથે ૧૦૦ માણસોને સલામત નીચે ઉતારી શકાશે અને તેઓને રેસ્કયુ કરી શકાશે. ૫૫ મીટર ઉંચાઈ ધરાવતી આ ટર્ન ટેબલ લેડર છેક ૧૭ માળની ઉંચાઈ સુધી રેસ્કયુ ઓપરેશન હાથ ધરી શકશે. આ અદ્યતન મશીન ખાસ જર્મનીથી સુરત ફાયરવિભાગ માટે મંગાવવામાં આવ્યું છે. આ અંગે સુરત ફાયરવિભાગના ફાયર ઓફિસર ઈશ્વરભાઈ પટેલે જણાવ્યું હતું કે, લગભગ ૬ મહિના પહેલા ફાયર વિભાગે જર્મનીથી ટર્ન ટેબલ લેડરનો ઓર્ડર આપ્યો હતો. જૂન મહિનામાં આ લેટેસ્ટ મશીન આવવાનું હતું પણ સુરતમાં શુક્રવારે તક્ષશિલા આર્કેડમાં આગની ઘટના બની અને ૨૦ જેટલા બાળકોના મોત થવાને કારણે મશીન વહેલું મંગાવી લેવાયું છે.


## જોઈએ છે

શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર, સે.૧૨, ગાંધીનગર માટે ક્લાર્ક / કોમ્પ્યુટર ઓપરેટર / સુપરવાઈઝરની કામગીરી કરવા માટે રસ ધરાવતા ઈસમો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

લાયકાતની વિગતો સાથે કચેરીાં તા. ૧૦/૩/૨૦૧૯ સુધીમાં અરજી કરવાની રહેશે.

સંપર્ક :
ફોન : ૨૩૨ ૩૮૭૭૮
(મો.) ૯૯૦૯૯ ૨૧૧૩૭

## નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

કાર્યપાલક ઈજનેરશ્રી, સુજલામ સુફલામ વિભાગ નં.૧,
સહયોગ સંકુલ, વીંગ-એ, છઠ્ઠો માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

**ટૂંકી મુદતની જાહેર નિવિદા નં.૦૬ સને (૨૦૧૯-૨૦)**

કાર્યપાલક ઈજનેરશ્રી, સુજલામ સુફલામ વિભાગ નં.૧, ગાંધીનગર પીન નં. ૩૮૨૦૧૧ ફોન નં. ૦૭૯-૨૩૨૨૦૧૦૯ દ્વારા સંત સરોવર (ઈ) રીચાર્જ યોજના ઉપર સીક્યુરીટી સર્વીસીસના કામો માટેના ઓનલાઈન ટેન્ડર નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ તેમજ માર્ગ મકાન વિભાગ દ્વારા માન્ય ગુજરાત રાજયમાં નોંધાયેલ તેમજ સદર બાબતે લાયક ઈજારદારશ્રીઓ પાસેથી માંગવામાં આવે છે. ઉપરોક્ત કામના ટેન્ડર ડોકયુમેન્ટ તા. ૨૭/૫/૨૦૧૯થી ડાઉનલોડ કરી શકાશે અને સબમીશનની છેલ્લી તારીખ ૧૦/૬/૨૦૧૯, ૧૮-૦૦ કલાક સુધી રહેશે. ઈ-ટેન્ડરની વધુ વિગતો અત્રેની કચેરીના નોટીસ બોર્ડ તથા વેબસાઈટ http://nwrnprocure.com તથા માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com પર જોવા મળશે.

માહિતી/૭૮/૧૯-૨૦

## નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

કાર્યપાલક ઈજનેરશ્રી, સુજલામ સુફલામ વિભાગ નં.૧,
સહયોગ સંકુલ, વીંગ-એ, છઠ્ઠો માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

**ટૂંકી મુદતની જાહેર નિવિદા નં.૦૪ સને (૨૦૧૯-૨૦)**

કાર્યપાલક ઈજનેરશ્રી, સુજલામ સુફલામ વિભાગ નં.૧, ગાંધીનગર પીન નં. ૩૮૨૦૧૧ ફોન નં. ૦૭૯-૨૩૨૨૦૧૦૯ દ્વારા માધવગઢ સને ૨૦૧૯૨૦ તા.જી. ગાંધીનગર ખાતે ચેકડેમ / બેરેજ બનાવવા માટે પ્રાથમિક સર્વેક્ષણની કામગીરી માટેના ઓનલાઈટ ટેન્ડર નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ તેમજ માર્ગ અને મકાન વિભાગ દ્વારા માન્ય ગુજરાત રાજયમાં નોંધાયેલ તેમજ સદર બાબતે લાયક ઈજારદારશ્રીઓ પાસેથી માંગવામાં આવે છે. ઉપરોક્ત કામના ટેન્ડર ડોક્યુમેન્ટ તા. ૨૭/૫/૨૦૧૯થી ડાઉનલોડ કરી શકાશે અને સબમીશનની છેલ્લી તારીખ ૨૫/૬/૨૦૧૯, ૧૮-૦૦ કલાક સુધી રહેશે. ઈ-ટેન્ડરની વધુ વિગતો અત્રેની કચેરીના નોટીસ બોર્ડ તથા વેબસાઈટ http://nwrnprocure.com તથા માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com પર જોવા મળશે.

માહિતી/૭૨/૧૯-૨૦

## જાહેર નિવિદા

**કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા પુરી પાડવા અંગે**

ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ ગાંધીનગરની કચેરી માટે તાત્રિક વહીવટી અને હિસાબી કામગીરીનો મેનપાવર આઉટસોર્સિંગથી કામગીરીની સેવાઓ પુરી પાડવા માટે કોરા ટેન્ડર ફોર્મ આ બોર્ડની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૭, બીજો માળ, ગાંધીનગર ખાતેથી રૂ. ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર)ની કિંમતનો ડીમાન્ડ ડ્રાફ્ટ સભ્ય સચિવ સહ સંયુક્ત પશુપાલન નિયામક, ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ગાંધીનગરના નામનો રજૂ કરવાથી અથવા રોકડા ભરવાથી તા. ૧/૬/૨૦૧૯ સુધીમાં ઉપરોક્ત સરનામેથી કચેરીના કામકાજના સમય દરમિયાન મળી શકશે. ભરેલા ટેન્ડર ફોર્મ જરૂરી અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD)ની રકમ સાથે તા. ૭/૬/૨૦૧૯ના સાંજના ૬-૦૦ વાગ્યા સુધીમાં ઉપરોક્ત સરનામે આરપીએડીથી મળી જાય તે રીતે સીલબંધ કવરમાં મોકલી આપવાના રહેશે. આ અંગેની અન્ય વિગતો કે માહિતી બોર્ડની કચેરી ગાંધીનગર ખાતેથી મહેકમ શાખામાંથી ઉપલબ્ધ થશે.

માહિતી/૭૯/૧૯-૨૦